જે સૂતો હોય તે કળિયુગ,
જાગતો હોય તે દ્વાપર,
કામ કરવા કમર કસે ત્યારે
ત્રેતા અને પ્રવૃત્તિમાં ડૂબેલો
હોય ત્યારે સતયુગ છે
- સુભાષિત

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૮૨ | ૨ જૂન, ૨૦૧૪, સોમવાર; જેઠ સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ગાંધીનગરમાં મહિલા ખેડૂત સંમેલન

### મહાત્મા મંદિર ખાતે કૃષિ મહોત્સવ સમાપન પ્રસંગે ૯મીએ મહિલા ખેડૂતોનું મહાસંમેલન યોજાશે : તડામાર તૈયારીઓ આરંભાઈ : મુખ્યમંત્રી આનંદીબેન પટેલ સંબોધન કરશે

ગાંધીનગર, તા. ૧

આગામી ૯મી જૂનના રોજ રાજ્યની મહિલા ખેડૂતોનું મહાસંમેલન ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે યોજાશે.

મહાત્મા મંદિર ખાતે રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલની અધ્યક્ષતામાં આ મહાસંમેલન યોજવા અંગેની તડામાર તૈયારીઓ કૃષિ અને સહકાર વિભાગ સાથે સંકલનમાં રહી ચાલી રહી છે.

કૃષિ મહોત્સવના સમાપન પ્રસંગે આ મહિલા ખેડૂત સંમેલન પ્રથમવાર મહાત્મા મંદિર ખાતે યોજાઈ રહ્યું છે. રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલનો પણ મહાત્મા મંદિર ખાતે આ પ્રથમ જાહેર સમારોહ છે.

રાજ્યમાં કૃષિ મહોત્સવનું આયોજન છેલ્લા દસ વર્ષથી થઈ રહ્યું છે. સામાન્યતઃ અખાત્રીજથી આ કૃષિ મહોત્સવ શરૂ થતો હોય છે પરંતુ લોકસભાની ચૂંટણી આચારસંહિતાને પગલે આ મહોત્સવની ઉજવણી મોડી શરૂ થઈ હતી.

કૃષિ મહોત્સવ દરમ્યાન કડી ખાતે વિભાગીય સંમેલન સફળતાપૂર્વક સંપન્ન થયા બાદ હવે વિભાગે સંપૂર્ણ ધ્યાન ગાંધીનગર ખાતેના આ સમાપન પ્રસંગ માટે કેન્દ્રીત કર્યું છે.

રાજ્યભરમાંથી દસ હજારથી પણ વધુ મહિલા ખેડૂતો આ સંમેલનમાં ભાગ લેશે તેવો અંદાજ છે. કૃષિના વિકાસમાં મહિલાઓનું યોગદાન ખુબજ અગત્યનું છે અને મહિલાઓ ખેડૂતોનું આવુ સંમેલન પહેલીવાર યોજવામાં આવી રહ્યું છે.

મળતી વિગતો પ્રમાણે કૃષિ અને પશુપાલનની વિવિધ યોજનાઓની વિગતો દર્શાવતુ પ્રદર્શન પણ મહાત્મા મંદિર ખાતે ઉભુ કરવામાં આવનાર છે.

આ સંમેલનમાં કૃષિક્ષેત્રે વિવિધ ઈનામો મેળવનાર મહિલા ખેડૂતોનું સન્માન પણ કરવામાં આવનાર છે. આ ઉપરાંત આ સંમેલનમાં મહિલા સશક્તિકરણ માટે રાજ્ય સરકારે લીધેલા પગલાંઓની સમજ આપતો એક વિશેષ સ્ટોલ પણ પ્રદર્શનમાં રાખવામાં આવે તેવી શક્યતાઓ છે.

## રાજ્યની વાર્ષિક યોજનામાં દસ ટકાનો વધારો કરાશે : યોજના ઘડતર માટેની પ્રક્રિયા આરંભાઈ

### આવતીકાલે નાણામંત્રીના અધ્યક્ષ સ્થાને તમામ વિભાગો સાથે મહત્વની બેઠકમાં ૨૦૧૪-૧૫ની યોજના ઘડતર માટેનો મુસદ્દો તૈયાર કરાશે : અંદાજે ૫૮થી ૬૦ હજાર કરોડનું યોજનાનું કદ નક્કી કરાશે

ગાંધીનગર, તા. ૧

રાજ્યની આગામી વર્ષની વાર્ષિક યોજનાના ઘડતર માટે ૩ જી જુનથી રાજ્યના નાણાંમંત્રીના અધ્યક્ષસ્થાને વિભાગો સાથે બેઠકોનો દોર શરૂ થશે જેમાં વાર્ષિક યોજનાનું કદ નક્કી કરવામાં આવશે.

વિધાનસભાના અંદાજપત્ર સત્રનું આહ્‌વાન થઈ ગયું છે. આગામી ૧લી જુલાઈથી અંદાજપત્ર સત્રનો પ્રારંભ થનારો છે ત્યારે રાજ્યના નાણા મંત્રાલય દ્વારા આગામી વર્ષના અંદાજપત્રની તૈયારી સાથે વાર્ષિક યોજનાના ઘડતર માટેની પ્રક્રિયા પણ શરૂ કરી દેવામાં આવી છે.

આયોજન પ્રભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યની વર્ષ ૨૦૧૪-૧૫ની વાર્ષિક યોજનાના ઘડતર માટેનો ડ્રાફ્ટ તૈયાર કરી દેવામાં આવ્યો છે. આગામી ૩જી જુનથી રાજ્યના નાણાંમંત્રીના અધ્યક્ષપદે વિભાગો સાથે બેઠકોનો દોર શરૂ થશે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ વિભાગો સાથે શરૂ થનાર આ બેઠકમાં વિભાગો દ્વારા રજુ કરવામાં આવનારી ચાલુ યોજનાઓ અને નવી યોજનાઓ અંગેની સમીક્ષા કરવામાં આવશે. વિભાગો દ્વારા અમલી બનાવવામાં આવેલી યોજનાઓ પાછળ કેટલો ખર્ચ થયો છે. આ યોજનાઓ કેટલી સફળ રહી કેટલી નિષ્ફળ ગઈ તે અંગે સમીક્ષા કરીને આ યોજનાઓ ચાલુ રાખવી કે બંધ કરવી એ અંગે નિર્ણય લેવાશે.

આ ઉપરાંત વિભાગો દ્વારા રજુ કરવામાં આવનારી નવી યોજનાઓની દરખાસ્તો પર પણ વિભાગો સાથે ચર્ચા કરીને આ યોજનાઓને મંજુરી આપવા અંગેનો નિર્ણય લેવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગુજરાત એ વિકાસશીલ રાજ્ય છે અને રાજ્યની આર્થિક સદ્ધરતાને ધ્યાને રાખીને રાજ્ય સરકાર દ્વારા વાર્ષિક યોજનાના કદમાં અંદાજે દસ ટકાનો વધારો કરીને અંદાજે ૫૮ થી ૬૦ હજાર કરોડનું કદ નક્કી કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગુજરાતની રાજગાદીએ સૌ પ્રથમ મહિલા મુખ્યમંત્રી બન્યા હોઈ રાજ્યમાં મહિલા સશક્તિકરણને વધુ વેગ આપવા માટે મહિલાઓ માટે કેટલીક નવી કલ્યાણકારી યોજનાઓ અંદાજપત્રમાં દાખલ કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.



પાણીનો વ્યય - પાણી અને વાણી સંયમપૂર્વક વપરાય એ જરૂરી છે... પાણી જીવનનું અતિ આવશ્યક અંગ છે... સમગ્ર વિશ્વમાં પાણીના બચાવ માટે અભિયાનો ચાલે છે... પાણી વ્યર્થ બગાડ એટલો વધતો જાય છે અને જેની સામે પાણીના સ્તોત્ર ઘટતા જાય છે... આ એક ચિંતાનો વિષય છે ત્યારે સમાજના તમામ વિભાગો અને જનજનમાં પાણીનો કરકસરપૂર્ણ ઉપયોગ થાય એવી લોકજાગૃતિ આજની પ્રાથમિકતા છે... ગાંધીનગરમાં લવાતા નર્મદા પાણીની પાઈપ લાઈનના વાલ્વમાં લીકેજના કારણે ઘણો બધો પાણીનો બગાડ થઈ રહ્યો છે... તંત્ર સતર્ક બની પાણીના આ વ્યયને અટકાવી શકે એમ છે.... (તસવીર : દિપક જાની)

॥ શ્રી સ્વામીનારાયણ નમઃ ॥

આજે બીજા વર્ષમાં મંગલ પ્રવેશ

વેલકમ
હમ દિલસે કરતે હૈ...

૨-જૂન, ૨૦૧૪ના રોજ આપ સૌના સાથ-સહકાર અને સહયોગથી હોટલ મીડલ ટાઉને એકવર્ષની મંઝીલ સફળતાપૂર્વક પૂર્ણ કરી છે ત્યારે આ શુભ દિને હોટલ મીડલ ટાઉન તથા હોટલ ધુંધટ પરિવાર હૃદયપૂર્વક આપ સૌ માટે આભાર વ્યક્ત કરે છે

હોટલ મીડલ ટાઉન

ભોજન માટે સ્પેશ્યલ ઈન્ડીયન (પંજાબી), કોન્ટીનેન્ટલ, ચાઈનીઝ, આઈસ્ક્રીમ + કોલ્ડ્રીંક

ખાસ
એક્ઝીક્યુટીવ લન્ચ : રૂ.૧૯૦
પાવર લન્ચ : રૂ.૧૫૦

તથા રહેવા માટે સર્વોત્તમ રૂમની સગવડ
એ.સી. / નોન એ.સી. તથા શ્યુટરૂમ
એ.સી. બેન્ક્વેટ હોલ
(૨૫૦ વ્યક્તિની કેપેસીટી)

● પાર્કીંગ વ્યવસ્થા
● લીફ્ટની સુવિધા

આપની એકવારની મુલાકાત કાયમી સંભારણું બનવાની ખાતરી અમારી




પ્રમુખ આર્કેડ (ઘ-૦થી આગળ)
ટીસીએસની નજીક, રિલાયન્સ ચોકડી પાસે, કુડાસણ, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૯૨૮૮૮૮૭, ૨૩૨ ૧૩૮૮૭ ● મો. : ૯૪૦૮૨ ૮૮૮૮૩
web : www.hotelmiddletown.com Email : enquiry@hotelmiddletown.com

આજના આનંદના દિવસે ૧૦ ટકા ખાસ આકર્ષક વળતર